तदेव युक्तं भषज्यं यदारोग्यय कल्पते ।
स चैव भिन्नं श्रेष्ठो रोगेभ्यो यः प्रमोचयेत् ।।



# नवप्रस्थान

તારીખ : ૧૩-૧૦-૨૦૨૪,
રવિવાર, વિજયા દશમી

अक्षर
દંત ચિકિત્સાલય

આત્મન શ્રી, ____________________

____________________

____________________

____________________

નિમંત્રક
**ડૉ. પ્રવીણ વી. ટાઢા**
અક્ષર દંત ચિકિત્સાલય,
ડૉ. પી. એસ. ભૂત સાહેબના દવાખાના સામે,
નૂતન નગર, મહુવા - ૩૬૪ ૨૯૦. જી. ભાવનગર.
સંપર્ક નંબર : ૯૪૨૬૫૪૩૨૦૪

"एकदन्तं महाकायं लम्बोदरगजाननम्।
विघ्ननाशकरं देवं हेरम्बं प्रणमाम्यहम्।।"



# नवप्रस्थान

अक्षर

દંત ચિકિત્સાલય





# Achievement
Till Date

| | |
|---|---|
| 120000 થી વધુ | ઓપીડી કેસીસ |
| 10000 થી વધુ | થી વધુ રૂટ કેનાલ મૂળિયાની સારવાર. |
| 38000 થી વધુ | દાંત કાઢવાની સારવાર. |
| 18000 થી વધુ | દર્દીઓએ કવર (ખોળા) ની સારવાર કરેલ. |
| 9000 થી વધુ | Dental Bridge (એક સાથે પાંચ થી છ દાંત નાખવા) |
| 6000 થી વધુ | પેઢાની સારવારના દર્દીઓ. |
| 5000 થી વધુ | બાળ દર્દીના દુધિયા દાંતની સારવાર. |
| 5400 થી વધુ | વધુ ડહાપણ દાઢની સર્જરી |
| 900 થી વધુ | મોઢાના જડબાના સાંધાના દર્દીની સારવાર |
| 360 થી વધુ | દાંતની બત્રીસી / ચોકઠાં બનાવવાનો અનુભવ |
| 180 થી વધુ | જડબાની નસના દર્દીની સારવાર (Trigeminal Neuralgia) |
| 45 થી વધુ | દર્દીઓના જડબાના ફ્રેકચરની સારવાર (Head & Neck Injuries) |
| 800 થી વધુ | ઈમ્પ્લાન્ટ મુકવાની સર્જરી |
| 450 થી વધુ | વિદેશી દર્દીઓની સારવાર |
| 180 થી વધુ | વાંકાચુકા તથા આગળ પડતા દાંતની સારવાર |
| 3000 થી વધુ | સિમેન્ટ,ચાંદી અને દાંતના કલર નુ કમ્પોઝીટ ભરેલ |

|| શ્રી ગણેશાય નમઃ ||

સુજ્ઞ શ્રી, ______________________________

સહર્ષ જણાવવાનું કે ઈશ્વરની કૃપા અને પ્રાતઃ સ્મરણીય વડીલોના આશીર્વાદથી
અમો અક્ષર ડેન્ટલ ક્લિનિકની વિસ્તૃતિ નવા રંગ - રૂપ અને અત્યાધુનિક સારવાર સાધનો સાથે

અક્ષર
દંત ચિકિત્સાલય

સ્વરૂપે નવા સરનામે સ્થળાંતરિત કરવા જઈ રહ્યા છીએ.
આ નવપ્રસ્થાન પ્રસંગે આપની શુભકામનાઓ તથા અમારા આ નવા સાહસને વધુ પ્રોત્સાહન આપવા આપને પધારવા
અમારું હૃદય પૂર્વક નિમંત્રણ છે. વર્ષોથી આપનો ભરપૂર વિશ્વાસ અને સહકાર અમારા ઉપર વરસ્યો છે
એ જ સાથ અને સહકાર અને વિશ્વાસ મળતો રહે તેવી અભ્યર્થના.

**દીપ પ્રાગટ્ય : અમારા મોટા ભાઈઓ તથા ભાભીશ્રીઓ**

તિથિ - તારીખ : આસો સુદ દશમ (વિજયા દશમી) તા. ૧૩-૧૦-૨૦૨૪, રવિવાર,
સમય : સવારે ૦૯:૩૦ કલાકથી આપના આગમન સુધી.
સ્થળ : અક્ષર દંત ચિકિત્સાલય - " અર્જુન " પ્લોટ નંબર : ૧૦૦,
ડૉ. પી. એસ. ભૂતની હોસ્પિટલ સામે, કુબેર બાગ સર્કલ, નૂતન નગર, મહુવા.

## નિમંત્રક

**ડૉ, પ્રવીણ વી. ટાઢા** - અ.સૌ. ગીતાબેન પ્રવીણભાઈ ટાઢા

ભરતભાઈ વી. ટાઢા | દામજીભાઈ વી. ટાઢા | હિંમતભાઈ વી. ટાઢા

**દિવ્યાશિષ**

સ્વ. શ્રી વિઠ્ઠલભાઈ ભાયાભાઈ ટાઢા | સ્વ. શ્રી ટપુભાઈ ભાયાભાઈ ટાઢા
સ્વ. શ્રી લાડુબેન વિઠ્ઠલભાઈ ટાઢા | સ્વ. પૂનીબેન ટપુભાઈ ટાઢા
સ્વ. શ્રી ઠાકરશીભાઈ ભાયાભાઈ ટાઢા

**વડીલોના આશીર્વાદ**

| | | |
|---|---|---|
| ગં. સ્વ. પાંચીબેન ઠાકરશીભાઈ ટાઢા | શ્રી જેઠાભાઈ ટપુભાઈ ટાઢા | શ્રી રવજીભાઈ ઠાકરશીભાઈ ટાઢા |
| શ્રી છગનભાઈ ભાયાભાઈ ટાઢા | શ્રી ગણેશભાઈ ટપુભાઈ ટાઢા | શ્રી પરષોત્તમભાઈ છગનભાઈ ટાઢા |
| અ.સૌ. દિવાળીબેન છગનભાઈ ટાઢા | શ્રી ગોવિંદભાઈ ટપુભાઈ ટાઢા | શ્રી ભુપતભાઈ છગનભાઈ ટાઢા |
| | શ્રી જેરામભાઈ ઠાકરશીભાઈ ટાઢા | શ્રી ઘુઘાભાઈ છગનભાઈ ટાઢા |

દર્શનાભિલાષી : ધાર્મિક, ધ્રુવી, પ્રાપ્તિ, ભક્તિ, આદિત્ય, દર્પણ, આર્યન, સ્મૃતિ

# પરિચય



## ડૉ. પ્રવીણ વી. ટાઢા

B.D.S., FELLOWSHIP IN IMPLANTOLOGIST
REG. A-3719

### પ્રાથમિક શિક્ષણ

શ્રી આઈ કે કપાસી હાઈસ્કૂલ , ઠળિયા

### ઉચ્ચ શિક્ષણ (12th science)

બી.એમ. કોમર્સ હાઈસ્કુલ ભાવનગર

### મેડિકલ શિક્ષણ

અમદાવાદની પ્રખ્યાત સિવિલ હોસ્પિટલમાંથી BDS નો અભ્યાસ.

કે. એમ. શાહ ડેન્ટલ કોલેજમાં એક વર્ષ પ્રેક્ટિસ

સાંઈ સેવા ટ્રસ્ટ પાલનપુર પાટીયા, સુરતમાં છ માસ પ્રેક્ટિસ

એડવાન્સ કોર્સ ઈન Endodontics Basic and Beyond Level 2 Fellowship
Fellowship in Implant Dentistry

2008 થી મહુવામાં કાર્યરત

# પરિચય



## ડૉ. નૂપુર એ. બાવાડિયા

B.D.S.

### પ્રાથમિક શિક્ષણ

સેન્ટ થોમસ હાઈસ્કુલ, મહુવા

### ઉચ્ચ શિક્ષણ (12th science)

શ્રી જ્ઞાનમંજરી સ્કૂલ, ભાવનગર

### મેડિકલ શિક્ષણ

અમદાવાદ ડેન્ટલ કોલેજ, બોપલ

અનુભવ છ માસ સરકારી હોસ્પિટલ, મહુવા

છ માસથી અક્ષર દંત ચિકિત્સાલયમાં કાર્યરત

# Visiting Doctors



## ડૉ. યતિન ખોલકિયા (B.D.S., M.D.S., Oral Surgery)

Oral Surgery from AIIMS Delhi થી કરેલ છે. જે નીચેના રોગોમાં નિષ્ણાત છે.

કોઇ પણ પ્રકારની જટીલ સર્જરી વગર સ્કુ બેસાડી ૭૨ કલાકમાં બધા જ દાંત ફિક્સ કરી શકે છે.

કન્વેનશનલ , કોર્ટિકલ. ઝાયગોમેટિક અને કસ્ટમાઇઝ પેશન્ટ સ્પેસીફીક ઇમ્પ્લાન્ટ સારવારના નિષ્ણાત.

ઘસાઈ ગયેલ હાડકુ, હાડકુ ન ધરાવતા દર્દીઓમાં Bone Augumentation દ્વારા ફિક્સ દાંતની સારવાર.

કેન્સર અને મ્યુકરમાયકોસીસ (બ્લેક ફંગસ)માં કાઢી નાખેલા જડબા પછી ઈમ્પ્લાન્ટ સર્જરી દ્વારા ફિક્સ દાંત.

એક્સીડેન્ટથી થતા જડબાના ફ્રેક્ચર અને ચહેરાની માસપેશીઓ, આંખની નીચેના હાડકાનાં ફ્રેક્ચરની સારવાર.

પાન-માવા-ગૂટકાને લીધે બંધ થયેલ મોંને ખોલવા (OSMF) ની સારવાર.

જડબાના સાંધાને લગતી બિમારી (TMJ Disorder) તથા જડબા તથા ચહેરાની રસોળી અને ગાંઠની સર્જરી

મોંના કેન્સરનું નિદાન અને સારવાર



## ડૉ. ચિરાગભાઈ પટેલ (B.D.S., M.D.S., Orthodontist)

વાંકચુકા અને આગળ પડતા દાંતની સારવાર (Orthodontics & Dentofacial Orthopedic)

વાકા-ચૂકા, આગળ પડતા, ગમાણિયા દાંતને સીધા કરવાની સારવાર જે સિરામીક, મેટાલીક (સાદા તથા સેલ્ફલીગેટિંગ) સ્પેશ્યલ ડીઝાઈનર બ્રેસીસ, લીગ્યુઅલ બ્રેસીસ દ્વારા સારવાર (Corrective Orthodontic)

મોઢાના અસમાન જડબાને સર્જરી પહેલા તથા બાદમાં અપાતી બ્રેસીસની સારવાર (Pre & Post Surgical Orthodontic)

બાળકોમાં જોવા મળતી મોઢાના જડબાની અસમાનતાની સારવાર (Myofuntional Therapy)

અત્યાધુનિક ક્લિયર અલાઈનર્સ જે ઘરબેઠા કરી શકાય અને દેખાવમાં પણ કુદરતી દાંત જેવું જ લાગે તેવા અલાઈગનર્સ દ્વારા સારવાર. પ્રિવેન્ટીવ એન્ડ ઇન્ટરસેપ્ટિવ ઓર્થોડોન્ટીક્સ, સ્પેસ મેઈન્ટેનર , હેબીટ બ્રેકિંગ અપ્લાયન્સીસ

કપાયેલ હોઠ તથા કપાયેલા તાળવા સાથે જન્મેલ નવજાત શિશુની ડેન્ટોફેસિયલ ઓર્થોપેડિક દ્વારા પુર્નવસન (નેસોઆલ્વીયોલર મોલ્ડીંગ NAM, ફિડીંગ પ્લેટ)


# સારવાર સુવિધા






## Dental implants

- કાયમી દાંત કોઈપણ ઉંમરે લગાવી શકાય છે.
- દાંતના પ્રોબ્લેમ્સનું કાયમી સોલ્યુશન, રોજ ચોકઠા કાઢી સાફ કરવાની ઝંઝટમાંથી છુટકારો.
- ડેન્ટલ ઈમ્પ્લાન્ટમાં ભાવતું ભોજન લઈ શકાય છે.
- ઈમ્પ્લાન્ટના કારણે જડબાનું હાડકું જળવાઈ રહે છે અને ચહેરાનું સૌંદર્ય જળવાઈ રહે છે. મોઢું બોખું લાગતું નથી
- આજુબાજુના દાંતનો સપોર્ટ લેવો પડતો નથી તેથી તે દાંતની sensitivity કે સડાની સમસ્યા થતી નથી.
- ખૂબ ઓછું હાડકું હોય અથવા ઘસાઈ ગયેલા પેઢા હોય તેવા દર્દીમાં પણ બેસાડી શકાય છે.









- કોઈપણ જાતની જટિલ સર્જરી વગર સ્ક્રુ વડે ફિક્સ દાંત માત્ર પાંચથી છ દિવસમાં બેસાડી શકાય છે.
- કન્વેન્શનલ કોટિકલ ઝાયગોમેટીક અને પેશન્ટ સ્પેસીફિક કસ્ટમાઇઝ ઈમ્પ્લાન્ટની સુવિધા.
- ઘસાઈ ગયેલા પેઢા જેમાં ચોકઠા ફાવતા ન હોય ઘસાઈ ગયેલા અને ખૂબ જ ઓછું હાડકું ધરાવતા દર્દીમાં ફિક્સ દાંતની સારવાર.
- કેન્સર મ્યુંકરમાઈકોસીસ પછી કાઢી નાખેલા જડબા પછી પણ ઈમ્પ્લાન્ટની સુવિધા.

## ભાવનગર જિલ્લામાં મહુવાનું સર્વપ્રથમ CBCT ધરાવતું ક્લિનિક

### Vatech A-9 CBCT Machine

- Accurate placement of implant teeth ઈમ્પ્લાન્ટ સ્ક્રુવાળા દાંતને ચોકસાઈપૂર્વક મૂકી શકાય છે.
- જડબામાં થતી રસી, ગાંઠ, કેન્સરથી થતા હાડકાની નુકસાની ની તપાસ.
- ડહાપણ દાઢની તપાસ અને તેનો નસ સાથેનો સંબંધ જાણી સર્જરી માટે યોગ્ય પ્લાનિંગ કરી શકાય
- 32 દાંતના એક સાથે X-Ray (OPG)ની સુવિધા
- એન્ડૉસ્કેન, ડેન્ટલ ઈમ્પ્લાન્ટ સ્કેન, TMJ અને ઓર્થોડોન્ટિક X-Rayની સુવિધા

### Endomotor & Apexlocator

- દાંત બચાવવાની મૂળિયાની સારવાર (RCT) કે જે Endomotor દ્વારા જંતુમુક્ત કરી પરફેક્ટ રૂટ કેનાલ કરવામાં મદદરૂપ થાય છે
- દાંતના મૂળિયા ની લંબાઈ માપવા માટેનું મશીન

### Autoclav

- દર્દીની સારવારમાં વપરાતા સર્જિકલ સાધનોને જંતુમુક્ત કરવા માટેનું મશીન, જે મહુવામાં સર્વ પ્રથમ છે. B - Series
- CDS, NABH & FDA દ્વારા પ્રમાણિત સ્ટરીલાઈઝેશન પદ્ધતિ વડે દરેક સાધન સંપૂર્ણ ક્લિનિક અને જરૂરી મટીરીયલ સ્ટરીલાઇઝ કરવામાં આવે છે.
- અમારે ત્યાં અતિ આધિનિક CLASS -B ઓટો ક્લેવ, અલ્ટ્રાસોનિક ક્લીનર વડે સ્ટરીલાઇઝ પ્રક્રિયા થાય છે.
- સારવાર દરમ્યાન વપરાતા ગ્લોઝ, સિરીંજ, કોટન, કવર, સક્શન ટીપ મોમાં આવતી પાણીની ડ્રીપ, ગ્લાસ, પેપર નેપકીન આ બધી જ આઈટમ ડિસ્પોઝેબલ હોય છે. જે પ્રત્યેક દર્દીએ નવી વાપરવામાં આવે છે. સંપૂર્ણ ક્લિનીકને અલ્ટ્રા વાયોલેટ લાઈટ દ્વારા જંતુમુક્ત કરવામાં આવે છે.

### Digital X-ray Sensor (Vatch) - Portable X-ray unit

- સચોટ એક્સરે પાડી ખૂબ જ નાનામાં નાની ખામીને પણ જાણી શકાય છે
- ખૂબ જ હલકું સચોટ અને મિનિમમ રેડીએશન

### Intra Oral Camera

- જેના દ્વારા દાંતનું સચોટ નિદાન કરી શકાય છે


CBCT 3D IMAGE




Autoclav



Digital X-ray Sensor


Portable X-ray unit


Intra Oral Camera

## અક્ષર દંત ચિકિત્સાલયમાં ઉપલબ્ધ સારવાર અને સુવિધાઓ વિષે અવશ્ય જાણો.

- તજજ્ઞ ડોક્ટરોની ટીમ દ્વારા ચોક્કસ નિદાન અને સારવાર
- ઓરલ પ્રોફાઈલેક્સિસ જેમાં દાંત પરથી પ્લાક, છારી અને દાંતના મૂળિયાની આજુબાજુ રહેલ પથરી અને પેઢામાં રહેલા કચરાને કાઢી દાંત અને પેઢાને સાફ કરવાની સારવાર એટલે કે પાયોરીયાની સારવાર.
- દુનિયાના સૌથી પ્રમાણિત, અત્યંત આધુનિક અને સફળ ડેન્ટલ ઈમ્પ્લાન્ટ (સ્ક્રુ વડે દાંત ફિક્સ કરવા) સિસ્ટમ જેવી કે Osstem, Myriad, Noris, Adin, MSI, Cowell Medi વગેરે પદ્ધતિ દ્વારા દાંત ફિક્સ કરવાની સારવાર.
- બેઝલ ઈમ્પ્લાન્ટ દ્વારા ફક્ત સાત થી આઠ દિવસમાં ફિક્સ દાંતની સારવાર.
- દાંતનો સડો દૂર કરી દાંતના કલર જેવા મટીરીયલથી રેસ્ટોરેશન કરી દાંતનો ખાડો ભરવાની સારવાર.
- વર્લ્ડ ક્લાસ મશીન દ્વારા દુઃખાવા રહિત (પેઈનલેસ) રૂટ કેનાલની સારવાર અને રૂટ કેનાલ બાદ થતી રસીમાં રીરૂટ કેનાલની સારવાર, (દાંતના મૂળિયાની સારવાર)
- દાંતનુ ખોળું (ક્રાઉન) અને કાઢી નાખેલ દાંતમાં ફિક્સ દાંત બ્રિજ કરવાની સારવાર જેમાં ગોલ્ડ. મેટલ, સીરામીક, ઝરકોનિયાના બ્રિજ અને ક્રાઉન.
- ડાયરેક્ટ અને ઈનડાયરેક્ટ પદ્ધતિ દ્વારા વિનિયર અને સ્માઈલ ડિઝાઈનિંગથી કદરૂપી સ્માઈલ, બે દાંત વચ્ચેની જગ્યા, અકસ્માતમાં તૂટી ગયેલ દાંત અને ડાઘ તથા કાળા પડી ગયેલા દાંતની સારવાર.
- વાંકી ચુકી હાડકામાં ફસાયેલી સડેલી અથવા તૂટેલી ડહાપણ દાઢ કાઢવાની સારવાર.
- જડબામાં થયેલી ગાંઠ કે રસોળી કાઢવા માટેની જટીલ સર્જરી.
- ચહેરા અને જડબાના હાડકાના ફ્રેક્ચર માટેની સારવાર.
- ઝડબાના સાંધાના દુઃખાવા માટેની સારવાર.
- નિષ્ણાત ડોક્ટર દ્વારા કેન્સર અને મ્યુકોરમાયકોસીસ (બ્લેક ફંગસ) પછી કાઢી નાખેલા દાંત અને જડબાને શરીરના કોઈપણ ભાગમાંથી બીજું હાડકું લીધા વિના નવું તાળવું જડવું અને દાંત ફિક્સ કરવાની અત્યંત આધુનિક સારવાર.
- પાન - માવા અને સોપારી ગુટકાને લીધે બંધ થયેલા મોં ખોલવાની આધુનિક સર્જરી અને સારવાર.
- ચોટેલી જીભ, ચોટેલા હોટ તથા ક્રાઉનલેનથિંગની સારવાર.
- જન્મથી 18 વર્ષ સુધીના તમામ બાળકોની દુધિયા અને કાયમી દાંતની જાળવણી માટે સલાહ સૂચન અને તેની સારવાર સુવિધા.
- લગ્ન પ્રસંગ માટે દાંત સફેદ કરવાની અને સ્માઈલ ડિઝાઈનિંગ અને ડેન્ટલ ડાયમંડ ની સુવિધા.
- પીળા પડેલા ડાઘવાળા ફ્લોરોસીસ વાળા દાંત માટે દાંત સફેદ કરવાની સારવાર.
- વાંકાચૂકા અને આગળ પડતા દાંતને સીધા કરવા, બાળપણમાં જડબા સરખા કરી અસમાન જડબાની સારવાર.
- ઘર બેઠા તાર અને ક્લિપ બાંધ્યા વગર અલાઈનર્સ દ્વારા વાંકાચુકા દાંત સીધા કરવાની સારવાર.
- અંગૂઠો ચૂસવો, હોઠ ચૂસવા જેવી કુટેવો માટે બાળકોનું કાઉન્સલીંગ અને હેબિટ બ્રેકિંગ અપ્લાયન્સની સારવાર.
- માયો ફંક્શનલ અપ્લાયન્સની સારવાર.
- ગર્ભવતી મહિલા, સિનિયર સિટીઝન, સ્પેશિયલ ચાઈલ્ડ, માનસિક અને શારીરિક રીતે અસ્થિર દર્દી માટે સ્પેશિયલ કેર ટ્રીટમેન્ટ.
- દાંતની બત્રીસી કાઢી નાખી શકાય તેવા ચોકઠાં, એક કે વધુ દાંતના ચોકઠાની સારવાર.

# Testimonials



માનનીય શ્રી ડૉ. પ્રવીણભાઈ ટાઢાના પરિચયમાં છેલ્લા 15 વર્ષથી છું અને મારા દાંતની સારવાર તેમની પાસે કરાવું છું. તે હિંમતપૂર્વક અને સચોટ સારવાર કરે છે. હું 2009થી તેમની પાસેથી સારવાર લઉં છું. તેમનું નિદાન સચોટ હોય છે. માનવતા ધરાવતા ડૉક્ટર છે. હવે તેઓ તેમના પોતાના મકાનમાં શિફ્ટ થવાના હોય તેમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. તેઓ CBCT મશીન પણ વસાવવાના છે. આનાથી લોકોને ખૂબ જ સારી સેવા મળશે અને આ મશીન ભાવનગર જિલ્લામાં મહુવાનું પહેલું મશીન હશે, તેથી મહુવા અને તેની આસપાસના પાંચેક તાલુકાના લોકોને આધુનિક સારવાર મળશે. તેઓ લોકોની સેવા કરે અને ખૂબ નામના મેળવે તેવી પ્રભુ પ્રાર્થના.

- **શ્રી બિપીનકુમાર ભુપત રાય સંઘવી (ચેરમેન શ્રી શ્રી મહુવા નાગરિક સહકારી બેંક અને પૂર્વ પ્રમુખ શ્રી મહુવા નગરપાલિકા)**



ડૉ. પ્રવીણભાઈ ટાઢા એક નિષ્ઠાવાન ડૉક્ટર છે મેં એક દાયકા પહેલા મારા દાંતની સારવાર તેઓ શ્રી પાસે લીધી હતી અને અત્યાર સુધીમાં મને કોઈ પીડા કે સમસ્યા થઈ નથી. અદભુત સારવાર માટે હું ડૉક્ટર પ્રવીણભાઈ ટાઢા સાહેબનો ખૂબ આભારી છું અને તેઓશ્રીની નવી હોસ્પિટલ અક્ષરદંત ચિકિત્સા માટે હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

**- શ્રી વિરેન્દ્રસિંહ ચૌહાણ નિવૃત્ત DYSP પોરબંદર.**



છેલ્લા એક દાયકથી મેં અને મારા ફેમિલીના સભ્યોએ ડોક્ટર ટાઢાની સારવાર લીધેલ છે. ડોક્ટરે ખૂબ જ સંતોષકારક અને ખૂબ જ સફળ સારવાર કરેલ છે. મારા નીચેના જડબામાં સ્ક્રુ વડે દાંત બેસાડેલ છે જે ફીટ કર્યા બાદ મને ક્યારેય તકલીફ થઈ નથી. અમારા સગા સંબંધીને ઓળખીતાને હું હંમેશા તેમનું નામ સજેશન કરું છું કારણ કે પ્રવીણભાઈ શાંત હોશિયાર અને શાંતિથી સારવાર કરનાર ડૉક્ટર છે.

**- શ્રી મોહનભાઈ કોરડીયા (હીરો મોટર્સ)**



ડૉ. પ્રવીણભાઈ ટાઢા સાહેબની તપાસ અને સારવારનો મને પર્સનલ અનુભવ છે. ધીરજપૂર્વકની તપાસ અને સચોટ નિદાન અને ઉત્તમ સારવાર માટે હું તેમનો આભારી છું મારા જાણીતા લોકોને પણ જ્યારે જરૂર પડે ત્યારે સાહેબની ભલામણ કરું છું.

**-ડૉ. મોહસીન ફરસ્તા, મહુવા**



હું મારા મોઢાના પ્રોબ્લેમ માટે ડૉ. ટાઢા સાહેબને છેલ્લા દસ વર્ષથી બતાવું છું. તેમણે કરેલ સારવારમાં આજ સુધી કોઈ પ્રોબ્લેમ આવેલ નથી, તેમનું માર્ગદર્શન અને સલાહ સચોટ હોય છે. તેઓ ક્વોલિટી વર્કમાં માનનાર ડોક્ટર છે. મારા ફેમિલી મેમ્બર પણ સાહેબની સારવાર લેતા હોય છે. તેઓ સાહેબના કામથી ખૂબ જ ખુશ છે

**- સિરાજ ભાઈ કલાણીયા**


**(ઉદ્યોગપતિ અને ડીહાઈડ્રેશન એસોસિએશનના ઉપપ્રમુખશ્રી)**



ડૉક્ટર ટાઢા સાહેબ છેલ્લા 16 વર્ષથી મહુવામાં દાંતના દર્દીઓની સેવા અવિરતપણે કરી રહ્યા છે. તેમના માયાળુ સ્વભાવ, પ્રેમપૂર્વકનો વ્યવહાર અને તેમના દાંતના રોગોનું જ્ઞાન પછી તે દાંત કાઢવાનો હોય કે રૂટ કેનાલ કરવાની હોય, કવર કરવાનું હોય, ચોકઠા કરવાના હોય કે દાંતના ઈમ્પ્લાન્ટ કરવાના હોય, તમામ કાર્ય સંપૂર્ણ ચોકસાઈથી કરે છે. દર્દીને તેના કુદરતી દાંત જેવું જ લાગે છે દરેક પ્રોસેજરને સંપૂર્ણ ધ્યાનથી અને પૂરતો સમય આપી ચોકસાઈથી અને સૈદ્ધાંતિક રીતે કરવાની તમન્ના અને મેડિકલી પણ કોઈ બાંધછોડ નહીં.

તેમના નવા ક્લિનિકમાં આધુનિક સાધનો સાથે નવપ્રસ્થાન કરી રહ્યા છે ત્યારે તેમને ખૂબ ખૂબ અભિનંદન. તેમના આ કાર્યમાં ખુબ યશ મળે અને આવનાર દર્દીઓ સંપૂર્ણ જલ્દી થી સાજા થાય તેવી પ્રભુ પ્રાર્થના.

**- ડૉ. બી. ટી. વળિયા સાહેબ**



હું ઘણા સમયથી દાંતની તકલીફથી પરેશાન હતો, ઘણી દવા, સારવાર કરાવી પરંતુ કાયમી ઈલાજ નહોતો મળતો, બોખા મોઢે પ્રસંગોમાં જવામાં સંકોચ થતો. ત્યારબાદ ડૉ. ટાઢા સાહેબને મળતા તેઓએ મને "ઈમ્પ્લાન્ટ સપોર્ટેડ સ્ક્રુ" વાળા દાંતની સારવારની સલાહ આપેલ, જે મેં કરાવેલ મારું કામ ખૂબ જ ઝડપથી કરેલ અને આજે મને તેનો પૂર્ણ સંતોષ છે. હવે હું બધું જ જમી શકું છું

**- શ્રી ધીરજલાલ ગજ્જર**



Thank you doctors for your exceptional care and expertise I feel so grateful to have you as my health care providers. I appreciate your kindness compassion and delications to yours passion you truly make a difference in peoples lives.

**- Smt. Binaben Goswami (New Zealand)**



2009થી અમે ડૉક્ટર ટાઢા સાહેબના ક્લિનિક સાથે સારવારથી સંકળાયેલા છીએ. અમારે અવારનવાર ઈન્ડિયા અને કેનેડા આવવા જવાનું થતું હોય છે. જ્યારે પણ અમે ઈન્ડિયા આવીએ છીએ ત્યારે અહીં સારવાર માટે મુલાકાત લેતા હોઈએ છીએ. હું સાદીકહસન, મારા બહેન-બનેવી, મારા મમ્મી પપ્પા, ભાઈ બધાએ ડૉક્ટર પાસે સારવાર કરાવેલ છે. તેઓ અમારી દાંતની ચિંતાઓ અને પ્રશ્નો માટે તેમનું વ્યક્તિગત ધ્યાન આપી થી સારવાર કરે છે. અને અમને કૌટુંબિક સભ્ય તરીકે લાગણીથી સાચવે છે. અમો સૌને માટે ડૉક્ટર ટાઢા સાહેબનો સંપર્ક કરવા ભલામણ કરીએ છીએ. સાહેબના નવા હોસ્પિટલ માટે ખુબ ખુબ શુભેચ્છાઓ.

- **સાદીકહસન સાબુ વાલા, સાફીનહસન સાબુ વાલા, બરકતભાઈ સાબુવાળા (કેનેડા)**

# Testimonials



2015થી મારી અને મારા પરિવારની સારવાર ડૉ. ટાઢા સાહેબ પાસે કરાવીએ છીએ. તેમની સારવારનો અનુભવ મને 2015માં થયો અમારે વારંવાર બહાર જવાનું થતું હોય અને મારા આગળના દાંત વારંવાર નીકળી જતા હતા, ત્યારે ટાઢા સાહેબે સલાહ આપેલી કે આ દાંતના માપમાં ફેરફાર થઈ ગયેલ છે. ત્યારબાદ તેમણે મને દાંત બનાવી આપેલ છે. આજ સુધી નીકળેલ નથી તેઓ અમારી ખૂબ જ કાળજી અને લાગણીથી  સારવાર કરે છે. તેઓ પેશન્ટ તરીકે નહીં પણ કૌટુંબિક સભ્ય તરીકે રાખે છે, અને તેવો જ વ્યવહાર રાખે છે. અમોને ઘરના વડીલ જેવી લાગણી અને પ્રેમથી આવકારે છે. ટાઢા સાહેબ તેમના નવા દવાખાનામાં આધુનિક સાધનોથી સજ્જ સુવિધા આપવા જઈ રહ્યા છે તે નિમિત્તે તેમને ખૂબ ખૂબ અભિનંદન. મહુવા તથા મહુવાના આજુબાજુના લોકોને સારી સારવાર મળી રહેશે તેવી દ્રઢ આશા છે.

**- શ્રી ચીમનભાઈ વાઘેલા**



આજના યુગમાં માણસ તણાવ વાળી જિંદગી જીવી રહ્યો છે તેના કારણે માણસ વ્યસનના વમળમાં ફસાઈ જાય છે. હું પણ ઘણા વર્ષોથી માવા સોપારી ખાવ છુ, જેના કારણે દાંતનો પ્રોબ્લેમ વારંવાર રહે છે, અંતે કઢાવવા પડે છે. મારા દાંતની સારવાર ડૉક્ટર પ્રવીણભાઈ ટાઢા સાહેબે કરી આપેલ તે ખૂબ જ સફળ રહી છે. અને મારા ફેમિલીમાં પણ દરેક સભ્ય ટાઢા સાહેબની સારવાર લઈ રહ્યા છે. અમોને સંતોષકારક પરિણામ મળ્યું છે.

**- ભરતભાઈ મનસુખભાઈ ડોડીયા**

(ડીહાઈડ્રેશન મશીનરીના એક્સપર્ટ)



આધુનિક સમયમાં ડાયાબિટીસ અને બીપી ના કારણે મોઢાના સ્વાસ્થ્યને ખૂબ જ નુકસાન થાય છે. મને થયેલ ડાયાબિટીસના કારણે મારા દાંત ધીમે ધીમે પડી ગયેલ, ત્યારબાદ સાદું ચોકઠું બનાવેલ પરંતુ તે માફક ન આવ્યું અને જમવામાં પણ અનુકૂળતા ન આવી. ચોકઠું વારંવાર સાફ કરવું પડે છે. જમતી કે બોલતી વખતે ચોકઠું પડી જાય છે. થોડોક સમય ટ્રાય કરી પણ ન ફાવ્યું. ત્યારબાદ ટાઢાસાહેબે ઈમ્પ્લાન્ટ સપોર્ટેડ સેમિફિક્સ ચોકઠું બનાવી આપેલ જે છેલ્લા પાંચ વર્ષથી પહેરું છું. કોઈ તકલીફ નથી, બધું જ જમી શકાય છે.

**- કાનજીભાઈ પુનાભાઈ કોરડિયા** (વર્લ્ડ ડિહાઈડ્રેશન, મહુવા)

ડૉ. ટાઢા સાહેબને ત્યાં મેં મારા દાંત ની ટ્રીટમેન્ટ કરાવી છે. મને ખૂબ જ સારી સેવા મળી છે કારણ કે પાન મસાલાના કારણે મારે દાંત ખોવાનો વારો આવ્યો હતો, પણ ડોક્ટર સાહેબે રૂટ કેનાલ અને કવર બનાવીને તે બચાવી લીધા. હોસ્પિટલની સારવાર અને સ્ટાફ ખૂબ જ વ્યવસ્થિત છે. મારા સંપર્કમાં દાંતના દુઃખાવાના દર્દીઓ મળે છે  તેને ડોક્ટર ટાઢા સાહેબનું જ નામ સજેશન કરુ છું.

**-શ્રી  મુકેશભાઈ ચિત્રોડા**

મારા કુટુંબના દરેક સભ્યોને જ્યારે પણ દાંતના કે જડબાની તકલીફ થાય ત્યારે હું  ડૉક્ટર ટાઢા સાહેબની જ મુલાકાત લઉં છું. મારા પત્નિને ઘણા સમયથી દાંતની તકલીફ રહેતી હતી જે  ડૉક્ટર ટાઢા સાહેબે ઈમ્પ્લાન્ટ દ્વારા સોલ્વ કરી આપી સાહેબનો ખુબ ખુબ આભાર.
**- શ્રી રેવાશંકરભાઈ રાળગોન**

માનનીય ડૉ. પી. વી. ટાઢા સાહેબનું કામ ખૂબ સારું છે.  હું અમદાવાદ સુધી સારવાર કરાવવા અને દાંત નખાવવા માટે ગયેલ પરંતુ ક્યાંય સંતોષ થયેલ નહીં. ડૉ. પી.વી. ટાઢા સાહેબ પાસે દસ વર્ષ પહેલાં સારવાર લીધેલ અને મને રોટલો ચાવતો કરેલ. કેન્સરના ડૉક્ટર હેમંત શુક્લાને બતાવેલ તો તેમણે પણ કહ્યું કે "બહુ સારું કામ છે. સારામાં સારી કામગીરી છે."

**-  શ્રી મયુરકુમાર મોહનલાલ ગાંધી, (એસ્ટેટ બ્રોકર મહુવા)**

જેનો આજના વિશ્વમાં અભાવ અને ખાલીપો વર્તાય છે આવામાં સેવાકીય ગુણો સાથેની સારવાર એટલે ખૂબ જ પ્રમાણિક માર્ગદર્શન માનવી સંબંધ અને સ્પર્શ સભર તેમનો અને સહ કર્મચારીઓનો વ્યવહાર સારવારનો સમયગાળો ઘટે તેવી શ્રેષ્ઠ અનુભવપૂર્ણ સારવાર તેમજ દર્દીને આર્થિક પરિસ્થિતિને સંબંધોને અનુલક્ષીને ખૂબ જ વ્યાજબી શુલ્ક. આ છે મારા છેલ્લા 14 વર્ષના અને છેલ્લે નીચેના જડબાની ઈમ્પ્લાન્ટની સારવારના અંતેની મારી લાગણીઓ અને સુમધુર સ્મૃતિઓ.

સાંસ્કૃતિક જીર્ણોદ્ધાર ના સાધન બનવા પ્રભુજી તેમને હંમેશા વ્યવસાયિક ક્ષેત્રમાં યશસ્વી અને શ્રેષ્ઠ બનાવે.

**- શ્રી નાનજીભાઈ પરમાર મહુવા.**

I had an exceptional experience and five star with Dr PV Tadha. Doctors expertise and gental touch made me feel at ease  throughout my appointment. The equipments and modern facility where impressive.

Dr Tadha took the time to explain every step of the procedure, answering all my questions and addressing. my concern their  attention to detail and commitment to delivering top notch care is truly remarkable. thank you doctor P.V. Tadha.

**- Saiyadaben Mohsinbhai Devjani**

My son 7 years old Having pain and swelling and with ludwig angina type syndrome and we taking treatment from lots of pediatric And dentist but no result. After that our pediatric giving reference to Dr. Tadha Saheb and He consulting, taking X-ray, incision and drainage & root canal treatment at a time. Before that we horrible filling due to    large swelling over face and neck & my son not able to sleep and eating but after giving this. treatment by Dr. Tadha resolve all Problems. my son filling well.

**- Mohhamadbhai Kalania**

# મહુવાનું સૌપ્રથમ અતિ આધુનિક સાધનો ધરાવતું અલ્ટ્રામોડર્ન દાંતનું દવાખાનું















મહુવાનું પ્રથમ CBCT ધરાવતું અલ્ટ્રામોડર્ન દાંતનું દવાખાનું

# અક્ષર
## દંત ચિકિત્સાલય

ડૉ. પી. એસ. ભૂત સાહેબના દવાખાના સામે,
નૂતન નગર, મહુવા - 364 290. જી. ભાવનગર.
સંપર્ક નંબર : 9909251078




उपैतु मां देवसखः कीर्तिश्चमणिना सह ।
प्रादुर्भूतोऽस्मि राष्ट्रेऽस्मिन् कीर्तिमृद्धिं ददातु मे ।।




अक्षर

દંત ચિકિત્સાલય